ડૉ.બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે વિકસતિ જાતિ કલ્યાણ ખાતા હસ્તકના ચાર નિગમોના લાભાર્થીઓ માટે વન ટાઇમ સેટલમેન્ટ યોજના અન્વયે વ્યાજ અને દંડનીય વ્યાજ માફ કરવા બાબત.

---

મુદ્દત લંબાવવા અંગે (તા.૦૧/૦૬/૨૦૧૯ સુધી)

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ- સશપ/૧૦૨૦૧૬/૩૮/અ-૧
સચિવાલય, ગાંધીનગર
તા.૨૮/૦૧/૨૦૧૯

**વંચાણમાં લીધાઃ-**

(૧) આ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૪/૧૦/૨૦૧૬નો ઠરાવ
(૨) આ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૭/૦૨/૨૦૧૭નો ઠરાવ
(૩) આ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૯/૦૮/૨૦૧૭નો ઠરાવ
(૪) આ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૧/૦૪/૨૦૧૮નો ઠરાવ
(૫) મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમનો તા.૨૦/૦૭/૧૮નો પત્ર ક્ર : ગુગો/મકમ/૧૨૪૪૬/૨૦૧૮
(૬) મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો તા.૧૩/૦૭/૧૮નો પત્ર ક્ર : ગુઠાકોવિનિ/વનટાઇમ/૧૮-૧૯/૩૫૩૩
(૭) મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો તા.૧૬/૦૮/૧૮નો પત્ર ક્ર : પવવિનિ/વસુ/૧૫૪૪/૧૮
(૮) મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમનો તા.૨૭/૦૮/૧૮નો પત્ર ક્ર : ગુજઅસંનાવિનિ/૨૦૧૭-૧૮/વસુલાત-ઇડીપી/૧૮૬૫૨/૧૮
(૯) અધ્યક્ષશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો તા.૧૦/૧૦/૧૮નો પત્ર ક્ર : પવવિનિ/અધ્યક્ષ/૩૦૩૬/૧૮

**આમુખઃ-**

વંચાણે લીધેલ ક્રમ (૧) પરના આ વિભાગના સરખા ક્રમાંકના તા.૧૪/૧૦/૨૦૧૬ના ઠરાવ અન્વયે, ડૉ.બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિની રાજય સરકાર દ્વારા કરવામાં આવેલ ઉજવણી નિમિત્તે વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકના ચાર નિગમો (૧) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, (૨) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, (૩) ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ અને (૪) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના લાભાર્થીઓ માટે તા.૩૧/૧૨/૨૦૧૬ સુધી વન ટાઇમ સેટલમેન્ટ

Scanned by CamScanner

યોજના અમલમાં મુકવામાં આવેલ. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના આ વિભાગના સરખા ક્રમાંકના તા.૧૭/૦૨/૨૦૧૭ના ઠરાવથી આ યોજનાની મુદત તા.૩૦/૦૬/૨૦૧૭ સુધી લંબાવવામાં આવેલ. વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના આ વિભાગના સરખા ક્રમાંકના તા.૦૯/૦૮/૨૦૧૭ના ઠરાવથી આ યોજનાની મુદ્દત તા.૩૧/૧૨/૨૦૧૭ સુધી લંબાવવામાં આવેલ. વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના આ વિભાગના સરખા ક્રમાંકના તા.૧૧/૦૪/૨૦૧૮ના ઠરાવથી આ યોજનાની મુદ્દત તા.૩૦/૦૬/૨૦૧૮ સુધી લંબાવવામાં આવેલ. વંચાણે લીધેલ ક્રમાંક (૫), (૬), (૭) અને (૮) પરના પત્રોથી અનુક્રમે ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ અને ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમે વન ટાઇમ સેટલમેન્ટ યોજનાની મુદ્દત તા.૩૧/૧૨/૨૦૧૮ સુધી જ્યારે વંચાણે લીધેલા ક્રમાંક (૯) પરના તા.૧૦/૧૦/૨૦૧૮ના પત્રથી અધ્યક્ષશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમે આ યોજનાની મુદત તા.૩૧/૦૩/૨૦૧૯ સુધી લંબાવવા દરખાસ્ત કરેલ હતી. વન ટાઇમ સેટલમેન્ટ યોજનાની મુદત લંબાવવા બાબતની નિગમોની ઉક્ત દરખાસ્તો સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

પુખ્ત વિચારણાને અંતે, વિકસતિ જાતિ કલ્યાણ ખાતા હસ્તકના આમુખમાં દર્શાવેલ ચાર નિગમોની વન ટાઇમ સેટલમેન્ટ યોજનાની હાલની સમય મર્યાદા નીચેની શરતોને આધિન તા.૦૧/૦૬/૨૦૧૯ સુધી લંબાવવામાં આવે છે.

(૧) નિયામક હસ્તકની તમામ જિલ્લા કચેરીઓ અને નિગમની કચેરીઓના સમગ્ર મહેકમનો ઉપયોગ કરી વસુલાતની કામગીરી સઘન અને ઝડપી બનાવવાની રહેશે.

(૨) આ યોજના ખાસ ઝુંબેશ તરીકે ચલાવવાની રહેશે અને સક્રીયપણે મોનીટરીંગ કરી વસુલાતની કામગીરી સમય મર્યાદામાં અચૂકપણે પૂરી કરવાની રહેશે.

(૩) તા. ૦૧/૦૬/૨૦૧૯ સુધીમાં આ કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

આ વિભાગના સરખા ક્રમાંકના તા.૧૪/૧૦/૧૬, તા.૧૭/૦૨/૧૭, તા.૦૯/૦૮/૧૭ અને તા.૧૧/૦૪/૧૮ના ઠરાવની અન્ય શરતો/જોગવાઇઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૧/૧૨/૨૦૧૮ અને સરકારશ્રીની તા.૨૪/૦૧/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ.એમ.ઘાંચી)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતિ જાતિ કલ્યાણ ખાતું,
બ્લોક નં.૪/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

Scanned by CamScanner

નકલ રવાના :

- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, બ્લોક નં.૧, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, (ના.વિ).ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અ.વિ.ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(સાન્યા), સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાધીનગર .
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, બજેટ/ગ/જ/અ શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, (કોમ્પ્યુટર સેલ) સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ - ૨૦૧૯

Scanned by CamScanner